સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

બંધ આંખે અંધકારમાં પણ પ્રકાશ જોઉં છું,
જોઉં છું ચહેરા વિના પણ પડછાયા,
ચહેરા નહીં તો શબ્દના હાવભાવ જોઉં છું,
ભલે સંભળાય નહીં, સ્પર્શથી પણ જોઉં છું.

હાઈકુ

હૃદયની આંખ
લાગણીના બે શબ્દ
વિકલ્પ મોટો

આંખને કાન
નિર્દયી પ્રકૃતિએ
છીનવી લીધાં

ચિંતન

અલભ્ય લાભો આલસ્ય ।
આલસ્ય લભ્ધમપિ રક્ષિતું ન શક્યતે ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

આળસુ વ્યક્તિને ક્યારેય અલભ્ય લાભો મળતા નતી.

આળસુ વ્યક્તિને કદાચ કોઈ લાભ મળી પણ જાય તો પણ એનું રક્ષણ કરી શકતા નથી.

આળસુ મનુષ્યનો મોટામાં મોટો શત્રુ છે, 'પછી' પર ઠેલનારા આળસુની ઓળખ છે, લોકો પરિશ્રમથી હંમેશા દૂર ભાગે છે, તેથી સફળતા કે સિદ્ધિ તો નથી જ મળતી પણ આવશ્યકતાઓ પણ મળતી નથી.

આળસુને જો નસીબના જોરે કદાપિ વારસો કે પદ મળી જાય તો પણ આળસ અને એના કારણે અનાવડત ને કારણે એ ઉપલબ્ધિને પણ સાચવી શકતો નથી.

આળસુ, મંદબુદ્ધિ, સુખ-આસક્ત, રોગી, નિદ્રાળુ તથા કામુક આ છ પ્રકારના મનુષ્યોને શાસ્ત્રોમાં 'નિંદિત' ગણ્યા છે. નિંદિત એટલે વખોડવા લાયક. એમનાથી દૂર રહેવું.

આળસ દૂર ભગાડવા માણસે ઉદ્યમ - ઉત્સાહ અને સ્ફૂર્તિમાં રહેવું જોઈએ. સતત પ્રવત્તિશીલ રહેનાર ના મનમાં ખોટા-ખરાબ વિચાર પ્રવેશતા નથી, અને આળસ એમની આગળ આવતી જ નથી.

સુવિચાર

- અભિમાનની બારી ભલે ખોલી નાખો, પણ તેને સ્વાભિમાનનો પડદો તો રાખશો જ - **લોકમાન્ય તિલક**
- લોંગો કો અપને સપને મત બતાઓ, બસ ઉન્હેં પૂરા કરકે દિખાઓ, ક્યોંકિ લોક સુનના કમ ઔર દેખના જ્યાદા પસંદ કરતે હૈ - **જીવન પાયેય**
- જે દલીલ નથી કરતી શકતો તે કજિયો કરે છે - **ચેસ્ટરસન**
- જે માણસ દયા પરોપકારમાં રિક્ત હોય તેનું કળિયુગ પણ કંઈ બગાડી શકતો નથી - **અખંડ આનંદ**
- કઠીન સમય તમારી શ્રેષ્ઠતાને કસે છે... સુખદાયી સમય દુનિયાની શ્રેષ્ઠતા તમારા સુધી લાવે છે... જીવન બંનેનું મિશ્રણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આત્મવિશ્વાસ વગર કોઈ કામની સફળ થવાની કલ્પના કરવી એ પોતાની જાતને ગુમરાહ કરવા સમાન છે - **સરદાર પટેલ**
- આજનું ઔષધ : શિંગોડાને પાણીમાં પીસીને લેપ કરવાથી પગની પાનીનો દુખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બુદ્ધના ઉપદેશ સૌ કોઈ ધ્યાનથી અને ભક્તિભાવથી સાંભળતા હતા. પણ એક વ્યક્તિને ઉપદેશ રુચ્યો નહીં. એમે અપશબ્દો બોલીને, કાદવ ઉડાડીને ભગવાન બુદ્ધનું અપમાન કર્યું. રાતે એ વ્યક્તિને પોતાના અપકૃત્ય માટે પસ્તાવો થયો. લોકોએ પણ એને ભાન કરાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ એની અસર થઈ ન હતી. વળી એને થયું કે આખા પ્રસંગમાં બુદ્ધનો બિલકુલ શાંત રહ્યા હતા. હવે એણે પ્રાયશ્ચિત કરવાનું માફી માગવાનું નક્કી કર્યું. બીજે દિવસે બુદ્ધની પાસે જઈને પગે લાગીને પસ્તાવો વ્યક્ત કર્યો. એ વખતે બુદ્ધે એણે કહ્યું 'અરે ભાઈ!! માનવીનું અસ્તિત્વ ક્ષણિક છે. ક્ષણે ક્ષણે બદલાય છે. ગઈકાલે એક માણસે એક માણસનું અપમાન કર્યું, પણ આજે એ અપમાન કરનારા પણ નથી અને અપમાન પામનાર પણ નથી. ગઈકાલનો સુરજ જુદો હતો એન આજનો સુરજ જુદો છે. આજના તડકાને માટે ગઈ કાલનો સૂરજ જવાબદાર નથી. આજે અપમાન થી અને માફી નથી અને રંજ નથી અને પસ્તાવો નથી. ઊઠો, હસો અને આનંદ કરો. રોજનું જીવન રોજ, અને ક્ષણનું જીવન ક્ષણમાં. એ જ જ્ઞાન છે.' સાર એ છે કે વર્તમાન ધર્મ એ જ સાચો ધર્મ છે.

સત્તાથી ડરતા સર્જકની વિડંબના

તંત્રીસ્થાનેથી...

હમણાં જરા વિચિત્ર લાગે એવી ઘટના બની છે. જનસાધારણ માટે પણ એ તદ્દન અકલ્પનીય અને આઘાતજનક ગણાય એવી છે. ચિત્રકૂટ ખાતે મહિલાઓને સંબોધન કરતાં પ્રિયંકા ગાંધીએ એક વિદ્યમાન કવિની કવિતાની કેટલીક પંક્તિઓ ક્વૉટ કરી એની સામે કવિએ ઉગ્ર પ્રતિક્રિયા પાઠવી હતી. એથી કવિ જ વામણો સાબિત થાય છે, પ્રિયંકા નહીં. શું કયારેક વાલ્મિકી - વ્યાસ કે કબીર - તુલસી પાસેથી પોતાની કવિતા કોઈ કથાકાર કે નેતાએ ચોરી કરી હોવાનો આક્ષેપ સાંભળ્યો છે ? કવિ કવિતા રચે, ફિલસૂફ એનું ચિંતન રજૂ કરે છે લેખક વાર્તા-નવલકથા લખે તે એની બૌદ્ધિક સંપદા છે અને એનો દુરુપયોગ થતો લાગે ત્યારે એ વિરોધ પણ કરી શકે છે. એ ન્યાય માટે અદાલતમાં જઈ શકે છે. કોપીરાઈટનો કાયદો એની તરફેણ જ કરશે. પરંતુ એથી તદ્દન સામેનો પક્ષ એ છે કે કોઈ પણ કવિતા, વાર્તા કે ચિંતનાત્મક લખાણને ક્વૉટ કરવાનો અને એના દ્વારા પોતાનો સંદેશ વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડવાનો માનવી માત્રને વણલખ્યો નૈતિક અધિકાર પણ મળે છે. એકવાર છપાઈ ગયા પછી આવી રચના આપોઆપ સાર્વજનિક સંપદા બની જતી હોય છે. યુનિવર્સિટીઓ લેખકોને પૂછવા નથી જતી કે તમારા સાહિત્યનો અમે અભ્યાસક્રમમાં સમાવેશ કરીએ કે કેમ ? લોકપ્રતિનિધિઓ એમને અનુકૂળ આવે એ રીતે કવિઓની કવિતા ટાંકે છે, વક્તાઓ સુવચનો દ્વારા એમના વકતવ્યને વધારે પ્રભાવત બનાવે છે. આમાં કોઈ વાંધાવચકા કાઢતું નથી. ઊલટાનું જે સર્જકની કોઈ એકાદ પંક્ત મોરારિ બાપુ કે નરેન્દ્ર મોદી જેવી હસ્તી ક્વૉટ થાય છે એ ધન્યતા અનુભવતો હોય છે. જયપ્રકાશ નારાયણે ઈંદિરા ગાંધીની કટોકટી વિરુદ્ધ આંદોલનમાં રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર'ની કવિતાનો ભરપૂર ઉપયોગ કર્યો હતો : 'સિંહાસન ખાલી કરો કે કિ અબ જનતા આતી હૈ!' શું એ જ પંક્તિઓ ઈંદિરા ગાંદીએ કયારેક એમના જામી પડેલા બુઢિયા નેતાઓ વિરુદ્ધ ઉચ્ચારી હોય તો દિનકરજીએ વાંધો લીધો હોત ખરો? કવિતા તો સાંસ્કૃતિક સંપદા છે. એને એકાંગી બનાવી દેનાર કવિની તો દયા જ ખાવી રહી. કબૂલ કે કવિએ એની કવિતા કોઈ વિશિષ્ટ ઘટનાથી વ્યથિત થઈને રચી હતી. નિર્ભયા ઉપર થયેલા અત્યાચારથી યુવાન હિંદી કવિ પુષ્યમિત્રની એ અતિ પ્રસિદ્ધ કવિતાની ધ્રુવ કડી છે :

સુનો દ્રૌપદી, શસ્ત્ર ઉઠા લો,
અબ ગોવિંદ ના આયેંગે ।

આ કવિતા આપણી કવયિત્રી પારુલ ખખ્ખરની પેલી ગંગામાં તરતી લાશો જોઈને રચાયેલી કવિતા જેવી જ ધારદાર છે એમાં ના નહીં. પરંતુ કવિ સાંકડા મનનો માણસ નીકળ્યો. એણે એ કવિતાનો રાજકીય દુરુપયોગ થઈ રહ્યો છે એવો આરોપ લગાવી પ્રિયંકા ગાંધીને ટોક્યાં છે. માની લઈએ કે પ્રિયંકા ગાંધી એમના રાજકીય મકસદ ખાતર જ મહિલાઓને એમના પર થઈ રહેલા અત્યાચારો સામે જાગ્રત કરવા મથી રહ્યાં છે - એમણે મહિલાઓને સત્તાનું શસ્ત્ર ઉઠાવવા હાકલ કરી છે અને ઉત્તરપ્રદેશની આગામી ચૂંટણીમાં ૪૦ ટકા મહિલાઓને મેદાનમાં ઉતારવાની જાહેરાત કરી છે. બની શકે કે એમનો આ રાજકીય કીમિયો કારગત નીડવે અને મૃતપ્રાય બની ગયેલી કોંગ્રેસમાં નવી ચેતનાનો સંસાર થાય. કવિ કહે છે કે હું તમારી વિચાસરણીમાં માનતો નથી. તમે આ રીતે મારી કવિતા 'ચોરી' ને એનો ગેરલાભ લઈ રહ્યાં છો! વળી મારે તો નોકરી કરીને જીવવાનું છે. તમે મારી કવિતાનો ઉપયોગ કરશો તો મને કોઈ કંપની નોકરીમાંથી નહીં રાખે! કવિની આ લાચારી એની કવિ તરીકેની ઓળખ ધૂંધળી જ બનાવે છે. કવિએ સત્ સામે ઝૂકી ન જવું જોઈએ. હવે જો આવા સંકુચિત અભિગમને ન્યાયપાલિકા પણ માન્ય રાખશે તો આપણી વિશાળ સાહિત્યિક અને સાંસ્કૃતિક સંપદાનું ઉદાહરણ કે દૃષ્ટાંત આપવા માટે કલાકારો, કથાકારો અને નેતાઓને બંધારણ જ બદલવું પડશે! કવિ સર્વકાલીન હોય છે, એણએ સમકાલીન શાસનથી ડરી જઈ પોતાની રચનાનું અપમાન ન થવા દેવું જોઈએ. તમે શું માનો છો?

ચિકનગુનિયા કોરોના, ડેન્ગ્યુ, મેલેરિયા કરતા વધારે ભયાનક છે?

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

આજે ચારે જણાની જોડી નિલેશ, ગાંડાલાલ, વિપુલ, ડાહ્યાલાલ બરાબર નવના ટકોરે આવી ગઈ. ગાંડાલાલે શાંત વાતાવરણને ચીરતા બોલતા માંડ્યા. અરે યાર, આપણી જોડે જુદા જુદા શરીરના રોગ સિવાય બીજો કોઈ ધંધો નથી. આપણે ફક્ત ને ફક્ત રોગ વિશેની જ વાતો કરીએ છીએ. ગયા બે વર્ષ તો ફક્ત કોરોનામાં જ ગયા. કોરોની જે વાતો કરતા રહ્યા. આજે આટલા પોઝીટીવ આવ્યા ને આજે આટલા આવ્યા. બીજું આપણને ખબર જ નથી પડતી. આજે ભારતમાં આટલા આવ્યા. અમેરિકામાં આટલા આવ્યા. ઈંગ્લેન્ડમાં આટલા આવ્યા. હવે તો પરિસ્થિતિ એવી છે કે અમને વાતો કરતા પણ કંટાળો આવે છે અને સાંભળતા પણ કંટાડો આવે છે. પણ શું કરીએ આ કોરોના વાયરસ જયાંથી પણ આવ્યો પણ આખી દુનિયાની જિંદગી સાથે વણાઈ ગયો. હવે આ કોરોના વાયરસ આપણી સાથે જ રહેવાનો છે. વધતા ઓછા પ્રમાણમાં એનું પરાક્રમ બતાવતો રહે છે. પણ બધા આપણાં એને હવે ઓળખવા લાગ્યા છે. લોકોમાં ભય જતો રહ્યો છે પણ મુદ્દાની વાત તો એ છે કે આપણે બીજી કોઈ વાતની ચર્ચા કરતા જ નથી. ફક્ત આરોગ્યને લગતી જ વાતો કરીએ છીએ. દુનિયામાં બીજું ઘણું બધું થઈ રહ્યું છે. છતાં આપણે શરીર અને

શરીરના રોગોની ચર્ચા કરતા રહીએ છીએ આવું કેમ ગાંડાલાલે ડાહ્યાલાલને પૂછ્યું. વિપુલ વચ્ચે બોલી ઊઠ્યો : રોગ અને શરીરની ચિંતા કરવા માટે તમારી પાસે નૉલેજ હોવું જોઈએ. સમાજ પ્રત્યે તમારું દાયિત્વ શું છે એની સમજ હોવી જોઈએ. નિલેશ અચાનક બોલવા માંડ્યો. સાહેબ પોલિટિક્સની વાતો સાંભળવી હોય અથવા કરવી હોય તો પાનના ગલ્લે જવું પડે. ૧૩૫ અથવા ૧૨૦ નો માવો મોઢામાં નાખતા જ ભાજપ-કોંગ્રેસ ચાલુ થઈ જાય. અરે અત્યારે તો મોદી સાહેબ છે એટલે ભાજપનો દબદબો છે પણ કાલે .... એટલામાં બીજો બોલવા માંડ્યો અરે યાર હોય રાહુલ ગાંધી બહુ નાના છે અને ચોક્કસ અને ભાવિ વડાપ્રધાન છે, તો અચાનક ત્રીજો બોલ્યો ભાઈ આ તો વિચારધારાની લડાઈ છે.

મોદી સાહેબ એવા નરબંકા તૈયાર કરશે કે જેઓ મોદી સાહેબ જેવું જ વિચારતા હશે અને આવતા ૨૫ વર્ષમાં બીજો કોઈ પણ પક્ષને બહુમતી નહીં આપવા દે. ડાહ્યાલાલ બધુ ધ્યાનથી સાંભળતા હતા અને પછી ન રહેવાતા બોલ્યા. આપણું મિશન છે હેલ્થ. આપણે હેલ્થ ઉપર જ ચર્ચા કરવી જોઈએ.

આવી અવલી વાતો ખૂબ જ થઈ હવે લાઈન ઉપર આવીએ. ગાંડાલાલે કહ્યું આજનો અધ્યાય શરૂ કરો. ડાહ્યાલાલે કહ્યું, જુઓ આમ તો એવું કહેવાય છે કે અત્યારે ચિકનગુનિયા વધારે પ્રમાણમાં આવે છે એ ફક્ત PCR ટેસ્ટમાં જ પોઝીટીવ આવે છે. પણ કોરોના, ડેન્ગ્યુ અને મેલેરિયા જેવો ઘાતક નથી. વાત તો સાચી પણ હવે દાખલા પણ ઊભા થયા છે જેનાથી ચિકનગુનિયાથી પણ સાચવવું પડે હમણાં ઘણા કેસમાં ચિકનગુનિયા હોય અને અચાનક ચિકનગુનિયાનો દર્દી બેભાન બની જાય છે. જેમાં દર્દી પોતાનું ભાન ગુમાવી બેસે છે. બી.પી. ઓછું થઈ જાય છે. ઓક્સિજન લેવલ પણ ઓછું થઈ જાય અને શરીરમાં સુગર પણ ઓછું થઈ જાય છે જો કે દવાખાનામાં ICRમાં ઝડપથી દાખળ કરવામાં આવે તો એ લોકો ઝડપથી બહાર આવી જાય છે.

કહેવાનો મતલબ એ છે કે, ચિકનગુનિયા પણ અઘરો રોગ છે, એમાં પણ ધ્યાન રાખવાની જરૂર છે.

ગતિશીલ વિચાર પ્રવાસી : પંડિત જવાહરલાલ નહેરુ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

નવેમ્બર માસની ગુલાબી ઠંડીમાં ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતિ આવે છે. (૧૪ નવેમ્બર-૧૮૮૯) દેશના પ્રધાનમંત્રી હતા ત્યારેજ તેમણે અંતિમ શ્વાસ ૨૭ મે ૧૯૬૪ના રોજ લીધા. ૧૭ વર્ષ સુધી તેમણે મુક્ત થયેલા નવજાત દેશના લોકોના સ્વપ્ન પૂરા કરવા માટે પોતાનો પસીનો વહાવ્યો. વિજ્ઞાન તથા ટેકનોલોજીના વિકાસ માટેના ઊંડા પાયા નાખ્યા. Letters from a Father to His daughter (1929), an Autobiography (1936) તથા The Discovery of India (1946) એ દુનિયાભરમાં વંચાયેલા તેમજ વખણાયેલા પુસ્તકો છે. તેમની ચિર વિદાયને ઘણાં વર્ષો થયા હોવા છતાં આજે પણ અનેક પ્રસંગો તેમજ અનેક ઘટનાઓના સંદર્ભમાં પંડિતજીના નામ તથા તેમના કામનો જાણ્યે કે અજાણ્યે ઉલ્લેખ થયા કરે છે. આ પ્રકારે સ્મૃતિને વાગોળતા ક્યારેક કેટલાક લોકો વિદાય થયેલી પ્રતિભાની કેટલીક વૈચારીક કે કાર્યપધ્ધતિ અંગેની ક્ષતિઓ બાબત પણ ચર્ચા કરે છે. એક રીતે આવું મૂલ્યાંકન થવું સહજ છે. પરંતુ આવા આકલનમાં કોઈ કડવાશ કે પૂર્વગ્રહોને સ્થાન હોઈ શકે નહિ. મૂલ્યાંકન હમેશા હકીકતલક્ષી હોય. જે તે સમયકાળના સંજોગો તથા સંદર્ભો પણ ધ્યાનમાં લઈ આવી ચર્ચા થાય તે સ્વસ્થ સમાજ તેમજ પુખ્ત લોકશાહી માટે આવશ્યક તેમજ ઈચ્છનીય છે. નહેરુજી દેશના પ્રથમ પ્રધાનમંત્રી હોવા ઉપરાંત આધુનિક ભારતના ઘડતરના પાયા નાખનારા સ્વપ્રદ્રષ્ટા હતા. એક સમર્થ સ્વાતંત્ર્ય સેનાની હતા. પંડિતજીના સ્વાતંત્ર્ય સંગ્રામના યોગદાનના ઉલ્લેખ સિવાય દેશના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ પૂરો થઈ શકતો નથી. અમીર પિતાના પુત્ર ગાંધી-દીક્ષા પામી દેશના સામાન્ય જન સાથે તાદાત્મ્ય અનુભવી શકતા હતા. પંડિત જવાહરલાલ નહેરુ એ ઈતિહાસના અઠંગ અભ્યાસુ હતા. તેઓ પ્રધાનમંત્રી ન થયા હોત તો પણ એક ઈતિહાસવિદ તરીકે પ્રસિધ્ધિને વર્યા હોત. ઉત્તરપ્રદેશના ફૂલપુર લોકસભા ક્ષેત્રમાંથી તેઓ ચૂંટાતા હતા. હેરો સ્કૂલ તથા કેમ્બ્રીજ યુનિવર્સિટી જેવી વિશ્વની જાણીતી જગાએ તેમને શિક્ષણ મળ્યું હતું. પંડિતજી એક કુશળ ધારાશાસ્ત્રી હતા. બ્રિટનના પ્રધાનમંત્રી સર વિન્સ્ટન ચર્ચીલ (૧૮૭૪-૧૯૬૫) તથા નહેરુજી સમવયસ્ક હતા. બન્નેની સામ્યતા એ હતી કે તેઓ મોટા ગજાના વિદ્વાન હોવા ઉપરાંત ભાષા પર પ્રભુત્વ ધરાવનારા હતા.

ગાંધીયુગના લગભગ તમામ સામાજિક – રાજકીય આગેવાનોએ પત્ર લેખનને તેમના જીવનમાં મહત્વનું સ્થાન આપેલું છે. મહાત્માજીએ પોતે પણ જીવનભર અલગ અલગ લોકોને ભિન્ન ભિન્ન વિષયો પર પત્રો લખ્યા છે. પંડિત જવાહરલાલે પોતાની પ્રિય પુત્રી ઈન્દીરાજીને પત્રો લખીને વિશ્વના ઈતિહાસના કેટલાક મહત્વના વિષયોની સફર કરાવી છે. પોતાની પુત્રીની વરસગાંઠના દિવસે જેલમાંથી તો શી ભેટ મોકલી શકાય? પંડિતજી જેલમાં હોવાથી દિકરીને લખે છે કે કોઈ સ્થૂળ કે નક્કર વસ્તુની ભેટ મોકલવી તે જેલમાંથી શક્ય ન હતું. આથી થોડા શબ્દોમાં પોતાની લાગણી પત્રમાં વ્યક્ત કરે છે અને જણાવે છે : '' તુરંગની ઊંચી ઊંચી દીવાલો પણ આ લાગણીની ભેટને કેવી રીતે રોકી શકશે ? લ્લલ્લ આ શબ્દોમાં એક પિતાના સ્નેહ સાથે દેશ તરફના સ્વાર્પણની એક મુંગી દ્રઢતાના દર્શન થાય છે. પુત્રીને ઓછા શબ્દોમાં પ્રેરણા પણ કેવી અનોખી આપે છે ? ઈતિહાસની વાતનો દોર પકડીને દીકરીને કહે છે : '' ઈતિહાસ વાંચવો એ ઠીક છે પરંતુ ઈતિહાસ ઘડવામાં ભાગ લેવો એ રોચક તથા આહલાદક છે. ''વિશ્વતોમુખી અભિગમના સમર્થક પુત્રીને વિશાળતાના પાઠ ભણાવતા કહે છે કે સમગ્ર દુનિયાના ભિન્ન ભિન્ન સમાજોનું અવલોકન કરવું જોઈએ. તેઓ કહે છે કે આમ કરવાથી સમજાશે કે આપણે માન્યતા બાંધી લીધી છે તે મુજબ સ્થિતિ નથી. આ બધા લોકોમાં ઘણી ખરી બાબતોમાં મૂળભૂત સામ્યતા રહેલી છે. લખે છે : ''નકશાઓના રંગોથી કે રાષ્ટ્રોની સરહદોથી ભોળવાઈ જવું જોઈએ નહિ.લ્લલ્લ વિશ્વાનુભૂતિનો આ દ્રષ્ટિકોણ એ આપણાં સંસ્કારોની ભેટ છે. પંડિતજી મહાત્માના સંપર્કમાં ૧૯૧૬માં આવ્યા. જાન્યુઆરી-૪૮ સુધી બાપુ સાથેના વૈચારીક સંસર્ગથી તેમનું જીવન ઘડાતું રહ્યું. બાપુના અનેક વિચારો સાથે અસંમત હોવા છતાં બન્નેનો એકબીજા તરફનો સ્નેહાદર સતત વિકસતો રહ્યો. બન્ને વચ્ચેનો અંગત સંબંધ પિતા – પુત્ર સમાન રહ્યો છે. ૧૯૩૬માં પ્રસિધ્ધ થયેલી નહેરુજીની આત્મકથાએ ભારત તથા ઈંગ્લાંડમાં સરખોજ આવકાર મેળવ્યો હતો. સામ્રાજ્યવાદની નિરર્થકતા અંગેના તેમના વિચારોથી યુરોપના ઘણાં લોકો પણ પ્રભાવિત થયા હતા. પંડિતજી એ પુસ્તકોનો જીવ હતો. વાચન એ તેમને મનગમતી બાબત હતી. દેશ આઝાદ થયો ત્યારપછી થયેલી ઘટનાઓની તપાસ તેમજ તેને રોકવાના ઉપાયોની વિચારણાએ ખૂબ મહત્વની તથા પડકારરૂપ બાબત હતી. પૂરા દિવસની આ કામગીરી બાદ મોડી રાત્રે થાકીને દિલ્હી પરત આવવાની હવાઈ મુસાફરીમાં તેઓ 'મૃચ્છકટિક' વાચતા હતા તેમ વાડીલાલ ડગલીએ નોંધ કરી છે તે બાબત પંડિતજીના વ્યક્તિત્વ પર એક જૂદો પ્રકાશ પાડે છે. જ્ઞાનોપાર્જન એ તેમના વિકસતા ગતિશીલ જીવન પથની મહત્વપૂર્ણ લકીર છે.

એક અર્થશાસ્ત્રી હોવા ઉપરાંત આપણી ભાષાના સર્જક વાડીલાલ ડગલીએ તેમના એક નિબંધમાં સુંદર વાત લખી છે. ડગલી સાહેબ કહે છે કે તેઓ કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમને એક ચીનના શિક્ષણશાસ્ત્રી સાથે વાત થઈ. વાત ગાંધીજી તથા નહેરુજી અંગેની હતી. આ વિદ્વાન ચીની મહાશયે ગાંધીજી તથા નહેરુની આત્મકથાઓ વાંચી હતી. ડગલીએ પૂછ્યું ? '' તમને કઈ આત્મકથા વધારે ગમી ? '' ચીનના શિક્ષણશાસ્ત્રી જવાબ આપે છે : ''આત્મકથા નહેરુની ગમી. પરંતુ મન આકર્ષાયું ગાંધીના વ્યક્તિત્વ તરફ. મારા દેશમાં નહેરુ સમાન માણસ હોય તો છાતીફૂલે પરંતુ મારું માથું તો હું ગાંધી જેવાનાજ ખોળે મૂકું.... અનુયાઈ થવા હું ગાંધી પાસેજ જાંઉ લ્લલ્લ મહાત્માગાંધી, નહેરુ તેમજ સરદાર પટેલ એ આપણી અમૂલ્ય ધરોહર છે. પંડિત નહેરુની જન્મજયંતિના માસમાં તેમની સ્મૃતિને નમન છે.

'આપણે ભરોસે ભાઈ આપણે ચાલીએ..!'

સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

માણસનું મૂલ્ય હોઈ શકે ? દુનિયામાં દરેક ચીજને મૂલવી શકાય છે..એના જુદા જુદા માપદંડો હોય છે..જમીનને માપી શકાય છે.આકાશના વ્યાપને પામી શકાય છે..પર્વતની ઉંચાઈને માપવાની પધ્ધતિ છે..ક્યારેક પ્રશ્ન થાય કે માણસને માપવા માટેના પણ કોઈ માપદંડો હોઈ શકે ? એના જવાબમાં કોઈ કહેશે કે માણસને એના સંસ્કારથી માપી શકાય..કેટલાકને મતે રમાણસની કિંમત એની સંપત્તિ કે હોદાથી પણ થતી હોય છે..આ બધા માપદંડો જાણીતા છે પરંતું માણસનું મૂલ્ય જો પારખવું હોય તો એ એની હામ એટલે કે હિંમત છે..ખરેખર માણસ પોતાના ખુદના ભરોસેં કેટલી ટક્કર લઈ શકે છે એ જ એની સાચી પરખ છે. એક સોરઠી દોહામાં કહેવાયું છે એમ દુનિયામાં માણહે માણહે ફેર હોય છે..ઈશ્વરે આપણને સહુને હૈયું,મસ્તક,હાથ, સરખાં જ આપ્યાં છે..આપણી શારીરિક રચના એકસરખી જ હોય છે..હવા પાણી જમીન બધાને માટે સમાન છે.મોટાભાગે તમામ જીવો આહાર નિંદ્રા ભય અને મૈથુન જેવી પાયાની લાક્ષણિકતાઓ જ ધરાવતા હોય છે...આમ છતાં કેટલીક વ્યકિતઓ જીવનમાં અલગ હોય છે આગવી હોય છે..એનું કારણ શું હશે ? આવો પ્રશ્ન સાધારણ રીતે આપણને થતો નથી..ખરેખર તો આ જ મહત્વની બાબત છે.

ઘણીવાર એક જ સરખા વાતાવરણમાં ઉછરેલી બે વ્યકિતઓમાં તદન વિરોધી કહી શકાય એવી પ્રતિભાઓ ઉપસે છે..ઝવેરચંદ મેઘાણીની એક કવિતા ભણવામાં આવતી એનું શિર્ષક હતું 'તલવારનો વારસદાર' એમાં બે સગા ભાઈઓની વાત છે. .બંને પાસે સરખું જ્ઞાન અને સમાન શોર્ય હોવા છતાં બંનેની અલગ અલગ દાસ્તાન છે..એક ભાઈ મોજશોખમાં જિંદગી પુરી કરી ગુમનામ મોતને પામે છે..બીજો પરમાર્થને જીવન બનાવી લોકો માટે શહાદત વ્હોરે છે અને પાળિયો બની પૂજાય છે..અમરત્વ પામે છે...એક જ જનેતાના બે દિકરા..બંને વચ્ચે જે તફાવત જોવા મળે છે એ જીવનસમજણનો છે..આંતરસૂઝનો છે.

દુનિયામાં લાખો કરોડો લોકો જન્મે છે,જીવે છે અને મરે છે..આ ત્રિરાશી એ જ આમ તો આપણા સહુની ગતાનુગતિક જિંદગી છે..આમ છતાં આપણી આસપાસ એવા ઘણા લોકો જોવા મળે છે એમનું જીવન આ ત્રણેય પરિમાણોને અતિક્રમી જતું જોવા મળે છે...એમના વ્યકિતત્વની એક અલગ છાપ હોય છે અલગ પહેચાન હોય છે..આવા લોકોના જીવનનો મુદ્રાલેખ હોય છે પોતાની જાતે જ પોતાના જીવનની કેડી કંડારવી..પોતાની જિંદગી પોતાના ભરોસે જ જીવવી..!માણસ જયારે આત્મનિર્ભર થાય છે ત્યારે જગત એના માટે આપોઆપ અનુકુળ થઈ જતું હોય છે..પરાવલંબનથી મોટો પરાજય બીજો એકેય નથી.

આપણું જીવન એક સંગ્રામ છે..સંઘર્ષ છે. સરહદ ઉપર લડતો સૈનિક જ્યારે ખરાખરીના મોરચે આવી જાય છે ત્યારે એની આંતરિક લડાયક વૃત્તિ અને આપબળ જ એને ટકાવી રાખે છે..અદ્દલ આપણી જિંદગીમાં પણ આવું જ બનતું હોય છે..જીવનના નિર્ણાયક તબક્કે આપણને કોઈની મદદ કે સહાનુભૂતિ કામ લાગતાં નથી..જીવનમાં ઘણી વાર હાર કે જીત એ બહુ મહત્વની વાત રહેતી નથી..માણસ એકલપંડે સંજોગોની સામે કેવો ઝઝૂમી શકે છે એ જ એના મૂલ્યાંકનનો માપદંડ બની જાય છે..પન્નાલાલ પટેલની એક વાર્તામાં ગલાલસંગ નામનું એક બહાદુર પાત્ર કહે છે 'અપની તલવાર મેં તેજ હોગા તો અલગ પટ્ટા કરેંગેજી...'મુસીબતોનો એકલપંડે સામનો કરતો માણસ અનોખો હોય છે. આમ જોઈએ તો જગત એકબીજાના સહકારથી ચાલે છે..ખરાબ સમયે કે મુશ્કેલીઓના સમયમાં પરસ્પરની હૂંફ કે મદદ માણસ માટે અસરકારક પુરવાર થતી હોય છે..વ્યકિતગત સંઘર્ષ કરતાં ક્યારેક સામૂહિક ચળવળ કે વિરોધ વધારે કાર્યક્ષમ નિવડે છે..પરંતું જીવનમાં એવી અનેક પરિસ્થિતિઓ આવતી હોય છે જ્યારે આ બધું કામ લાગતું નથી..! બહારથી કોઈની મદદ કામ લાગતી નથી..ઘણીવાર તો તમે ખુદ જો મકકમ ના રહો તો તમને મદદ કરનાર લોકો જ તમારો ઉપહાસ કરતા થઈ જાય છે..આવા સમયે જે વ્યકિત પોતાની રીતે કઠીન સંજોગો સામે બાથ ભીડી છે અને ટકી રહે છે એના વ્યકિતત્વની ખુમારી જ અલગ હોય છે. જિંદગીની પ્રત્યેક પળ બધા માટે એકસમાન નથી હોતી..આપણી આસપાસ ગોઠવાતા સંજોગો એ આપણા હાથની વાત નથી હોતી..ભાગ્યનો દેવતા એક માણસને સરળતાથી સિંહાસન ઉપર બેસાડી દે છે તો કોઈ શકિતશાળી માણસને આડેધડ ફંગોળી નાખે છે..આ બધી લીલા સમયની છે..મહાભારતમાં અર્જુનને બૃહન્લા બની નૃત્યશિક્ષકનું કામ કરવું પડે છે..શકિતશાળી ભીમને રસોઈયા બની સંતાઈ રહેવું પડે છે..દ્રોપદી સેવિકા બને છે..આ બધાં એકબીજાને પ્રિય હોવા છતાં પરસ્પર કોઈને મદદ કરી શકતાં નથી! મુશ્કેલીઓ સામે ટકી રહી એમાંથી રસ્તાઓ શોધવા માટે એમણે પોતાની જાતે જ ઝઝૂમવું પડે છે..અને સતત એ રીતે સંઘર્ષ પછી જ કોઈકનો સહારો મળતો હોય છે..

કોઈપણ માણસની કસોટી એ જ હોઈ શકે કે અણીના સમયે કોઈની પણ મદદ વગર એ એકલો ક્યાં સુધી ટકી શકે છે! મોટા બિઝનેસનો માલિક એના લાખો કામદારો હોવા છતાં ઘણીવાર એવા તબકકે આવીને ઉભો રહે છે કે જ્યાં એને પોતાનો નિર્ણય કે કોઠાસૂઝ જ બચાવી શકે. જો એ આવા સમયે અન્ય ઉપર આધારિત રહે તો એ માલિક મટી ગુલામ બની જતો હોય છે..આવું દરેક ક્ષેત્રમાં હોય છે..રાજકારણમાં મુખ્ય નેતા હોય..શૈક્ષણિક સંસ્થાનો વડો હોય..રમતગમતનો કેપ્ટન હોય કે ઘરનો કારોબાર સંભાળતી કોઈ ગૃહિણી હોય એનું માપ ખરાખરીના સમયે એ એકલપંડે જે રસ્તો કાઢે છે એની ઉપર નિર્ભર હોય છે! જો એ ના કરી શકે તો એ સામાન્ય માણસ જ બની રહે છે.

આનો અર્થ એવો પણ નથી કે માણસે આડેધડ પોતાની રીતે જ સંજોગોની સામે સંઘર્ષ કરતા રહેવું..સવાલ એટલો છે કે જીવનમાં અનેક પ્રસંગો એવા બને છે કે જ્યારે માણસ કેવળ એકાકી બનીને રહી જાય છે..એની હાલત 'પાની બીચ મીન પ્યાસી'એવી બની રહે છે..કોઈ રેડીમેડ ફોર્મ્યુલા કે કોઈકની બહારથી મળતી મદદ એને બચાવી શકતી નથી..એણે જો જાત સા